જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૭/૨૦૧૭ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૧૪૫૨/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૧૩૧ લીટર દેશી દારૂ, ૧૫ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૪૫૩/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

<u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૪૫૪/૧૭</u>

**ગુજરાત યુનિવર્સિટીઃ** પેરીન વા/ઓ ફરામ દાવર (રહે. શુભમ સોસાયટી પ્રોફેસર કોલોની સામે ચાઈલ્ડ કેર હોસ્પીટલ પાછળ વિજય ચાર રસ્તા નવરંગપુરા) એ તા.૧૫/૭/૧૭ નારોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૭/૧૭ કલાક ૫/૩૦ થી તા.૧૫/૭/૧૭ કલાક ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં પાછળના ભાગે વેન્ટીલેશન બારી તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી કાંડા ઘડીયાળ નંગ-૭ કિમત રૂપિયા ૧૨,૦૦૦/-, ચાંદીના સીક્કા નંગ-૩ કિમત રૂપિયા ૧૨૦૦/- અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૩,૨૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.ગોસ્વામી ચલાવે છે.

સરદારનગરઃ **દિનેશભાઇ રમેશલાલ લાલવાણી (રહે. ઈ વોર્ડ રાજાવીર સર્કલ પાસે કુબેરનગર સરદારનગર**) એ **સરદારનગર** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે **તા.૧૫/૭/૧૭** કલાક **૧/૦૦ થી** ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં **ધાબા ઉપર ચડી સીડી વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી એલ.ઈ.ડી. ટી.વી. કિમત રૂપિયા ૧૭,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૨,૦૦૦/- મતાની** ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખરસાણ ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૪૫૫/૧૭

વાસણાઃ મુકેશભાઇ નાથાલાલ ઠક્કર (ઉ.વ.૫૩) (રહે. અસ્વલેખા એપાર્ટમેન્ટ દેસાઇ પાર્ક પાસે જીવરાજ પાર્ક) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૭/૧૭ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે મુકેશભાઈના સાસુ પોલીયો ફાઉન્ડેશનથી રજવાડુ હોટલ તરફ જતા રસ્તેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મુકેશભાઈના સાસુના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૨,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.એન.વાઘેલા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.